Prepp
Your Personal Exams Guide



101 નીચે દર્શાવેલ કઈ જોડ સાચી નથી ?

(A) સ્વાદુપિંડ - ઈસ્ટ્રોજન

(B) પિટ્યુટરી ગ્રંથી - ગ્રોથ હોર્મોન

(C) શુક્રપિંડ - ટેસ્ટોસ્ટેરોન

(D) અંડપિંડ - ઈન્સ્યુલિન

(A) A અને B (B) A અને C (C) A અને D (D) B અને C

102 નીચે આપેલા વિધાનોમાંથી કયા વિધાનો સાચા નથી ?

વિધાન-1 :- સ્થાયરોગાયરામા અવખંડન પદ્ધતિથી પ્રજનન થાય છે.

વિધાન-2 :- હાઈડ્રામાં બીજાણું સર્જન પદ્ધતિથી પ્રજનન થાય છે.

વિધાન-3 :- પ્લેનેરીયામાં પુનઃસર્જન પદ્ધતિથી પ્રજનન થાય છે.

વિધાન-4 :- અમીબામાં કલિકાસર્જન પદ્ધતિથી પ્રજનન થાય છે.

(A) વિધાન-1 અને વિધાન-2 (B) વિધાન-1 અને વિધાન-3

(C) વિધાન-1 અને વિધાન-4 (D) વિધાન-2 અને વિધાન-4

103 મેન્ડલે આનુવંશિકતાના અભ્યાસ માટે વટાણાના ઊંચા છોડનું સંકરણ વામન છોડ સાથે કરતાં પ્રથમ ($F_1$) પેઢીમાં બધા છોડ ઊંચા થયા. પ્રથમ ($F_1$) પેઢીમાં કોઈપણ છોડ વામન કે મધ્યમ ઊંચાઈના થયા નહીં. પરંતુ જ્યારે પ્રથમ પેઢીના છોડનું સ્વફલન કરતા, $F_2$ પેઢીમાં મળતા છોડનું પ્રમાણ કેટલું હતુ ?

(A) 50 % છોડ ઊંચા અને 50 % છોડ વામન હતા.

(B) 75 % છોડ ઊંચા અને 25 % છોડ વામન હતા.

(C) 25 % છોડ ઊંચા અને 75 % છોડ વામન હતા.

(D) બધા જ છોડ વામન હતા.

104 લઘુદ્રષ્ટિ ધરાવતા વ્યક્તિ માટે કયુ વિધાન સાચુ નથી ?

વિધાન-1 :- આંખનો લેન્સ જરૂરિયાત મુજબ જાડો થઈ શકતો નથી. પાતળો જ રહે છે.

વિધાન-2 :- દુરની વસ્તુ સ્પષ્ટ જોઈ શકાતી નથી.

વિધાન-3 :- દુરની વસ્તુમાંથી આવતા પ્રકાશના કિરણો નેત્રપટલ કરતાં ઓછા અંતરે કેન્દ્રિત થાય છે.

વિધાન-4 :- અંતર્ગોળ લેન્સ વડે ખામી નિવારી શકાય છે.

(A) વિધાન-1 (B) વિધાન-2 (C) વિધાન-3 (D) વિધાન-4


105 પેટ્રોલિયમના વિભાગીય નિસ્યંદન માટે કયો વિકલ્પ સાચો છે ?

| વિભાગ | કાર્બનની સંખ્યા | તાપમાનનો ગાળો |
|---|---|---|
| પેટ્રોલ | C5 થી C10 | 303 K થી 393 K |
| નેપ્થા | C8 થી C10 | 453 K થી 533 K |
| કેરોસીન | C9 થી C11 | 393 K થી 453 K |
| ડીઝલ | C11 થી C14 | 533 K થી 613 K |

(A) પેટ્રોલ (B) નેપ્થા (C) કેરોસીન (D) ડીઝલ

www.prepp.in

Your Personal Exams Guide

| | | | | |
|---|---|---|---|---|
| 106 | જો $\log(0.24) = \bar{1} \cdot 3802$ હોય, તો $\log\sqrt{0.24}$ = ______ | | | |
| | (A) $\bar{1} \cdot 6901$ | (B) $0 \cdot 6901$ | (C) $\bar{2} \cdot 7604$ | (D) $\bar{1} \cdot 1901$ |
| 107 | એક સમતોલ સિક્કો ત્રણ વખત ઉછાળતાં, એક વખત H (છાપ) અને બે વખત T (કાંટો) મળે તે ઘટનાની સંભાવના ______ થાય. | | | |
| | (A) $\frac{1}{4}$ | (B) $\frac{3}{8}$ | (C) $\frac{1}{2}$ | (D) $\frac{3}{4}$ |
| 108 | 6 - અવલોકનોનો મધ્યક $\bar{x} = 30$ છે. જેમાં ભૂલથી એક અવલોકન 72 ને બદલે 42 લેવાય ગયું છે, તો સાચો મધ્યક $\bar{x}$ = ______ | | | |
| | (A) 30 | (B) 40 | (C) 35 | (D) 25 |
| 109 | જો સમભૂજ ત્રિકોણનું ક્ષેત્રફળ $4\sqrt{3}$ સેમી$^2$ હોય, તો તે ત્રિકોણની બાજુની લંબાઈ ______ સેમી થાય. | | | |
| | (A) $2\sqrt{3}$ | (B) 8 | (C) $4\sqrt{3}$ | (D) 4 |
| 110 | સમબાજુ □ABCD માટે ABCD = 80 સેમી$^2$, AC = 8 સેમી હોય, તો તેની બાજુની લંબાઈ ______ થાય. | | | |
| | (A) $4\sqrt{29}$ | (B) $\sqrt{29}$ | (C) 116 | (D) $2\sqrt{29}$ |
| 111 | Δ ABC માટે, ∠A ≅ ∠C છે. જો BC = 3, AC = 4 હોય, તો Δ ABC નું ક્ષેત્રફળ ______ ચો. એકમ થાય. | | | |
| | (A) $2\sqrt{5}$ | (B) $\sqrt{5}$ | (C) $4\sqrt{5}$ | (D) 20 |
| 112 | જો A = { 1,2,3,4 }, B = { 2,4,5,6 }, U = N હોય, તો $A' \cap B'$ = ______ | | | |
| | (A) $\{x/x \in N, x < 6\}$ | (B) $\{x/x \in N, x \geq 6\}$ | (C) $\{x/x \in N, x > 6\}$ | (D) $\{x/x \in N, x \leq 6\}$ |
| 113 |  આકૃતિમાં, $PQ^2 - QR^2 = 250$ તથા PM − MR = 25, તો PR = ______ છે. | | | |
| | (A) 10 | (B) 50 | (C) 73 | (D) 225 |
| 114 | જો $\text{cosec}A = \frac{13}{12}$ અને A + B = 90 , તો secB = ______ | | | |
| | (A) $\frac{12}{13}$ | (B) $\frac{5}{12}$ | (C) $\frac{13}{12}$ | (D) $\frac{13}{5}$ |
| 115 | Δ PQR માં PQ = 12, QR = 5 અને PR = 13 હોય, તો ત્રિકોણની ત્રણે બાજુઓને સ્પર્શતા વર્તુળની ત્રિજ્યા ______ છે. | | | |
| | (A) 1 | (B) 2 | (C) 7 | (D) 25 |
| 116 | ⊙ ( 0, 13 ) ની એક જીવા ⊙ ( 0, 5 ) ને સ્પર્શે છે, તો જીવાની લંબાઈ ______ હશે. | | | |
| | (A) 20 | (B) 8 | (C) 18 | (D) 24 |
| 117 | 25 સેમી અને 9 સેમી ત્રિજ્યાવાળા શંકુના આડછેદની ઊંચાઈ 3 સેમી છે, તો તેનુ વક્ર પૃષ્ઠફળ ______ સેમી$^2$ છે. | | | |
| | (A) 120 π | (B) 34 π | (C) 170 π | (D) 150 π |
| 118 | મધ્યસ્થ (M) = 30 તથા બહુલક (Z) = 70 હોય, તો મધ્યક ($\bar{x}$) = ______ | | | |
| | (A) 25 | (B) 50 | (C) 100 | (D) 10 |

Prepp
Your Personal Exams Guide

119 નિયમિત ગતિ માટે કયુ વિધાન સાચુ છે ?

વિધાન-1 :- પદાર્થ સમયના એક સરખા ગાળામાં એક સરખું અંતર કાપે છે.

વિધાન-2 :- પદાર્થ સમયના એક સરખા ગાળામાં એક સરખું અંતર કાપતો નથી.

વિધાન-3 :- પદાર્થના વેગમાં થતો વધારો સમયના એક સરખા ગાળામાં સમાન રહેતો હોય છે.

વિધાન-4 :- પદાર્થ અચળ ઝડપે વર્તુળાકાર પથ પર ગતિ કરે છે.

(A) વિધાન-1 (B) વિધાન-2 (C) વિધાન-3 (D) વિધાન-4

120 નિલંબિત દ્રાવણ માટે નીચેનું કયુ વિધાન ખોટું છે ?

વિધાન-1 :- નિલંબિત કણો નરી આંખે દેખી શકાય છે.

વિધાન-2 :- નિલંબિત દ્રાવણ સમાંગ મિશ્રણ છે.

વિધાન-3 :- નિલંબિત કણો તેમનામાંથી પસાર થતા પ્રકાશના કિરણોનું પ્રકીર્ણન કરે છે.

વિધાન-4 :- નિલંબિત દ્રાવણ સ્થાયી નથી.

(A) વિધાન-1 (B) વિધાન-2 (C) વિધાન-3 (D) વિધાન-4

121 શરીરના હાડકામાં થયેલી તિરાડને પારખવા માટે, ફેફસામાં થયેલી ક્ષતિ જોવા, અન્નનળીના કેન્સરનું નિદાન કરવા તેમજ શારીરિક મુશ્કેલીઓનું નિદાન કરવામાં કયા કિરણોનો ઉપયોગ થાય છે ?

(A) આલ્ફા વિકિરણો (B) બીટા વિકિરણો (C) ગેમા કિરણો (D) ક્ષ કિરણો

122 નીચે દર્શાવેલ નમુનાઓ પૈકી કયો નમુનો અધાતુ છે ?

| નમૂનો | તણાવપણું | વિદ્યુત વાહકતા | બરડ |
|---|---|---|---|
| P | હા | અવાહક | ના |
| Q | ના | સુવાહક | હા |
| R | હા | સુવાહક | ના |
| S | ના | અવાહક | હા |

(A) P (B) Q (C) R (D) S

123 નીચે દર્શાવેલ 'X' અને 'Y' માટે સાચી જોડ બનાવો.

| X | Y |
|---|---|
| (a) INSAT | (1) DTH પ્રસારણ માટે ઉપયોગી |
| (b) METSAT | (2) ભૌગોલિક નકશાઓની જાણકારી માટે |
| (c) RESOURCESAT | (3) હવામાન સંબંધી જાણકારી માટે ઉપયોગી |
| (d) CARTOSAT | (4) સમુદ્રી જીવસૃષ્ટિની જાણકારી માટે ઉપયોગી |

(A) (a-2) (b-1) (c-3) (d-4) (B) (a-1) (b-3) (c-4) (d-2)

(C) (a-3) (b-4) (c-2) (d-1) (D) (a-4) (b-2) (c-1) (d-3)

124 નીચે આપેલા વિધાનો પૈકી કયા વિધાનો સાચા છે ?

વિધાન-1 :- કાર્બોક્સિલિક એસિડ ક્રિયાશિલ સમૂહનું સૂત્ર - COOH છે.

વિધાન-2 :- એસ્ટર ક્રિયાશિલ સમૂહનું સૂત્ર - CHO છે.

વિધાન-3 :- આલ્ડિહાઈડ ક્રિયાશિલ સમૂહનું સૂત્ર - COOR છે.

વિધાન-4 :- કિટોન ક્રિયાશિલ સમૂહનું સૂત્ર >C=O છે.

(A) વિધાન-1 અને 2 (B) વિધાન-1 અને 3 (C) વિધાન-1 અને 4 (D) વિધાન-2 અને 3

Prepp
Your Personal Exams Guide

125 પાસો એક વખત ઉછાળવામાં આવે છે. તો પાસા પરનો અંક 1 અને 4 ની વચ્ચે હોય, તો તેની સંભાવના ___ હોય.

(A) $\frac{1}{3}$ (B) $\frac{1}{2}$ (C) $\frac{1}{6}$ (D) $\frac{2}{3}$

126 નીચેના વિધાનોમાં દળ (MASS) વિશે માહિતિ આપેલી છે. તેમાંથી કયુ વિધાન સાચુ નથી ?

વિધાન-1 :- પદાર્થ પર લાગતા ગુરુત્વાકર્ષણ બળને પદાર્થનું દળ કહે છે.

વિધાન-2 :- દળ એ અદિશ રાશિ છે.

વિધાન-3 :- પદાર્થનું દળ અચળ રહે છે.

વિધાન-4 :- પદાર્થનું દળ = m

(A) વિધાન-1 (B) વિધાન-2 (C) વિધાન-3 (D) વિધાન-4

127 નીચેના કોષ્ટકમાં પાક અને તેની જાતિ દર્શાવેલ છે. તેની સાચી જોડ બનાવો.

| પાક | જાતિ |
|---|---|
| (A) ઘઉં | (1) નવજોત |
| (B) મકાઈ | (2) આશા |
| (C) મગ | (3) પારસ |
| (D) સૂર્યમુખી | (4) કલ્યાણ |

(A) (A-1) (B-4) (C-3) (D-2). (B) (A-2) (B-3) (C-4) (D-1)

(C) (A-3) (B-2) (C-1) (D-4) (D) (A-4) (B-1) (C-2) (D-3)

128 નીચે પ્રાણી સૃષ્ટિના સમુદાય અને તેમાં સમાયેલ સજીવોના ઉદાહરણ દર્શાવેલ છે. તે પૈકી કઈ જોડ ખોટી છે?

| જોડ | સમુદાય | ઉદાહરણ |
|---|---|---|
| 1 | પૃથુકૃમિ | યકૃતકૃમિ |
| 2 | નૂપુરક | અળસિયું |
| 3 | સંધિપાદ | કરમિયુ |
| 4 | મૃદુકાય | ઓક્ટોપસ |

(A) 1 (B) 2 (C) 3 (D) 4

129 નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

વિધાન-1 :- રોબર્ટ હુકે સૌ પ્રથમ કોષ શબ્દનો ઉપયોગ કર્યો

વિધાન-2 :- લ્યુવોન હોકે સાદા માઈક્રોસ્કોપનો ઉપયોગ કરી કોષ કેન્દ્રનુ નિરિક્ષણ કર્યુ

વિધાન-3 :- રોબર્ટ બ્રાઉને જીવંત કોષમા "જીવરસ" શબ્દનો ઉપયોગ કર્યો

વિધાન-4 :- વૉટ્સન અને ક્રીકે ડી.એન.એ.ના અણુનું બેવડું કુંતલાકાર મોડલ રજુ કર્યું

(A) વિધાન-1 (B) વિધાન-2 (C) વિધાન-3 (D) વિધાન-4

130 "વિશ્વનો પ્રત્યેક પદાર્થ બીજા પદાર્થને પોતાના તરફ આકર્ષે છે. બે પદાર્થો વચ્ચેનું આ આકર્ષણ બળ તેમના દળના ગુણાકારના સમપ્રમાણમાં અને તેમની વચ્ચેના અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં હોય છે. આ બળની દિશા બંને પદાર્થોના કેન્દ્રને જોડતી રેખાની દિશામાં હોય છે." આ નિયમ કયો છે ?

(A) ન્યુટનનો ગતિનો બીજો નિયમ (B) ગુરુત્વાકર્ષણનો સાર્વત્રિક નિયમ

(C) જડત્વનો નિયમ (D) વેગમાન સંરક્ષણનો નિયમ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## પ્રશ્ન નં.131 થી 170 (દરેકના 1 ગુણ)

**131** સિલ્વર નાઈટ્રેટનું આણ્વિય દળ કેટલું છે ?
(A) 71 (B) 137.5 (C) 147 (D) 170



**132** કઈ અંગિકા ખોરાકનો સંગ્રહ સ્ટાર્ચ, ચરબી અને પ્રોટીન સ્વરૂપે કરે છે ?
(A) ક્લોરોપ્લાસ્ટ (B) ક્રોમોપ્લાસ્ટ (C) લ્યુકોપ્લાસ્ટ (D) રસધાની


**133** કઈ રચના દ્વારા ફેફસામાંથી ઓક્સિજન યુક્ત રૂધિર ડાબા કર્ણકમાં આવે છે ?
(A) અગ્ર મહાશિરા (B) પશ્ચ મહાશિરા (C) ફુપ્ફુસીય શિરા (D) ફુપ્ફુસીય ધમની

**134** સીફિલીસ રોગ માટે જવાબદાર બેક્ટેરિયાનું નામ શું છે ?
(A) નાઈસેરિયા ગોનોરી (B) ટ્રેપોનેમા પેલીડીયમ (C) યેર્સિનિયા પેસ્ટિસ (D) સાલ્મોનેલા ટાયફી

**135** ટામેટામાં કયો એસિડ રહેલો છે ?
(A) ઓક્ઝેલિક એસિડ (B) ટાર્ટરિક એસિડ (C) લેકટિક એસિડ (D) સાઈટ્રિક એસિડ

**136** ફોલિક એસિડ જેવી દવાઓની બનાવટમાં શેનો ઉપયોગ થાય છે ?
(A) સલ્ફર (B) ફ્લોરીન (C) ક્લોરીન (D) એમોનિયા

**137** વિદ્યુતકોષ દર્શાવવા કઈ સંજ્ઞાનો ઉપયોગ થાય છે ?
(A)  (B)  (C) 

(D) 


**138** જૂથચર્ચા પદ્ધતિની મર્યાદા સૂચવે છે ?
(A) અધ્યયન અસરકારક બને છે.
(B) જૂથના તમામ અધ્યેતાઓ સક્રિય બનતા નથી.
(C) વિષયવસ્તુની ઉંડાણપૂર્વકની માહિતી મળે છે.
(D) જ્ઞાન ચિરસ્થાયી બને છે.

**139** માઈક્રોટિચિંગ શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ કોણે કર્યો હતો ?
(A) ડવાઈટ એલન (B) સોક્રેટિસ (C) સિગમંડ ફ્રોઈડ (D) નેડ ફ્લેન્ડર્સ

**140** શૈક્ષણિક હેતુઓનું વર્ગીકરણ કોના દ્વારા રજૂ કરવામાં આવ્યું ?
(A) જે.બી.વોટ્સન (B) ડો.બી.કે.પાસી (C) બેન્જામિન બ્લૂમ (D) પ્રો.નેડ ફ્લેન્ડર્સ

**141** પ્રશિક્ષણાર્થી વિવિધ શૈક્ષણિક પદ્ધતિ ઉપર પ્રભુત્વ મેળવે તે માટે અભ્યાસક્રમમાં શાનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) માઈક્રોપાઠ (B) સેતુપાઠ (C) સિમ્યુલેશન (D) છૂટો પાઠ

**142** માઈક્રોટિચિંગના સોપાનો ક્રમમા ગોઠવો ?
(1) પુનઃ આયોજન (2) પુનઃ શિક્ષણ (3) પ્રતિપોષણ (4) શિક્ષણ (5) પુનઃ પ્રતિપોષણ
(A) 4,3,2,1,5 (B) 2,4,5,3,1 (C) 4,3,1,2,5 (D) 4,3,1,5,2

**143** કઈ પદ્ધતિથી વિદ્યાર્થીઓની મૌલિક ચિંતન કરવાની ક્ષમતાને નુકસાન પહોંચે છે ?
(A) પ્રવચન પદ્ધતિ (B) જૂથ ચર્ચા પદ્ધતિ (C) નિદર્શન પદ્ધતિ (D) સ્વાધ્યાય પદ્ધતિ

**144** શિક્ષણમા સૌ પ્રથમ પ્રોજેક્ટ પદ્ધતિનો ઉપયોગ કરનાર કોણ હતા ?
(A) જહોન ડ્યૂઈ (B) બટલર (C) કિલ પેટ્રિક (D) બેન્જામિન બ્લૂમ

**145** એક સંકલ્પના સમજાવવા માટે પહેલા શીખેલ અન્ય સંકલ્પનાને આધાર બનાવવામાં આવે, તેને શું કહેવાય છે ?
(A) સિંહાવલોકન (B) અનુબંધ (C) પુનરાવર્તન (D) દઢીકરણ

**146** પ્રમાણિકતા, નૈતિકતા, વફાદારી જેવા ગુણોના મૂલ્યાંકન માટે, મૂલ્યાંકનનું કયુ સાધન શ્રેષ્ઠ છે ?
(A) સામાજિકતામિતિ (B) પ્રસંગનોંધ (C) ઓળખયાદી (D) ક્રમમાપદંડ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

147 $0.\overline{25}$ નું $\frac{p}{q}$ સ્વરૂપ ____ થાય.

(A) $\frac{25}{99}$ (B) $\frac{25}{100}$ (C) $\frac{99}{25}$ (D) $\frac{25}{1000}$

148 $y^3 - 76$ માં ____ અચળ ઉમેરવામાં આવે તો, તે $y - 4$ વડે વિભાજ્ય થાય.

(A) −5 (B) 12 (C) 5 (D) −12

149 જો ΔPQR ના ખૂણાઓના માપ 2 : 3 : 4 ના પ્રમાણમાં હોય, તો આ ત્રિકોણના સૌથી નાના ખૂણાનું માપ ____ થાય.

(A) 60 (B) 20 (C) 40 (D) 80

150 સમભૂજ ΔPQR નાં શિરોબિંદુઓમાંથી એક વર્તુળ પસાર થાય, તો $\overline{PQ}$ એ વર્તુળના કેન્દ્ર આગળ ____ માપનો ખૂણો આંતરશે.

(A) 30 (B) 90 (C) 60 (D) 120

151 બે ગોળાઓની ત્રિજ્યાઓનો ગુણોત્તર 5 : 2 હોય, તો તેમની વક્ર સપાટીઓના પૃષ્ઠફળોનો (એક જ ક્રમમાં) ગુણોત્તર ____ થાય.

(A) 25 : 4 (B) 4 : 25 (C) 125 : 8 (D) 8 : 125

152 $\sqrt{5+\sqrt{24}} =$ ____

(A) $2\sqrt{2}+\sqrt{3}$ (B) $\sqrt{2}+\sqrt{3}$ (C) $\sqrt{3}-\sqrt{2}$ (D) $2\sqrt{3}+\sqrt{2}$

153 a = 8, b = 15, c = 8, d = 10 થી મળતી પ્રમાણિત ત્રિઘાત બહુપદી ____ છે.

(A) $8x^3 + 15x^2 - 8x - 10$ (B) $8x^3 - 15x^2 + 8x - 10$

(C) $8x^3 - 15x^2 - 8x + 10$ (D) $8x^3 + 15x^2 + 8x + 10$

154 સમીકરણ યુગ્મ $2x + ay = 7$ અને $2x + 3y = 8$ નો અનન્ય ઉકેલ હોય, તે માટે $a \neq$ ____

(A) -3 (B) 3 (C) $\frac{4}{3}$ (D) $-\frac{4}{3}$

155 $\sqrt{2}x^2 + 3\sqrt{2}x + \sqrt{2} = 0$ નો વિવેચક ____ છે.

(A) $6\sqrt{2}$ (B) 8 (C) 10 (D) $8\sqrt{2}$

156 જો $S_n = 3n^2 + 1$, તો d = ____

(A) 17 (B) 18 (C) 15 (D) 16

157 વ્હિટેકરે પોતાના વર્ગીકરણમાં પેરામિશિયમનો સમાવેશ નીચેનામાંથી કઈ સૃષ્ટિમાં કર્યો ?

(A) મોનેરા (B) પ્રોટીસ્ટા (C) ફુગ (D) વનસ્પતિ

158 નીચેનામાંથી કયા સજીવનું હૃદય ત્રિખંડી હોય છે ?

(A) કાચબો (B) કબૂતર (C) બિલાડી (D) ચામાચીડિયું

159 "તરવૈયો પોતાના હાથ અને પગ વડે પાણીને પાછળની તરફ ધકેલીને પાણીમા આગળ વધે છે" આ વિધાન નીચેનામાંથી કયા નિયમનું વ્યવહારિક ઉદાહરણ છે ?

(A) જડત્વનો નિયમ (B) ન્યુટનનો ગતિનો પહેલો નિયમ

(C) ન્યુટનનો ગતિનો બીજો નિયમ (D) ન્યુટનનો ગતિનો ત્રીજો નિયમ

www.prepp.in

Your Personal Exams Guide

160 નીચેના પૈકી કઈ લાક્ષણિકતા મનોવૈજ્ઞાનિક કસોટીની નથી ?
(A) વિશ્વસનીયતા (B) યથાર્થતા (C) તુલનાત્મકતા (D) પ્રમાણિતતા

161 પાઠ આયોજનથી અધ્યાપકને શું ફાયદો થાય છે ?
(A) સમય ઓછો પડે છે. (B) અધ્યાપકમાં આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા વધે છે.
(C) અધ્યાપન કાર્યમાં સાતત્યનો અભાવ. (D) અનુશાસનાત્મક સમસ્યાઓ ઉદ્ભવે.

162 પ્રશ્ન કૌશલ્ય દરમ્યાન વિદ્યાર્થીઓના અધૂરા ઉત્તરોને પૂર્ણ કરવા માટે પૂછેલા પ્રશ્નના અનુસંધાનમાં અન્ય પ્રશ્નો પૂછવામાં આવે તેને કયા પ્રશ્નો કહેવામાં આવે છે ?
(A) વિચારપ્રેરક પ્રશ્નો (B) પૂર્તિ પ્રશ્નો (C) દઢીકરણના પ્રશ્નો (D) ધ્યાનાકર્ષણના પ્રશ્નો

163 મુદ્રિત સામગ્રીના અર્થને ધ્વનિયુક્ત ઉચ્ચાર સિવાય ગ્રહણ કરવું એટલે શું ?
(A) લેખન (B) મૂકવાચન (C) મુખવાચન (D) અનુલેખન

164 મુક્ત અને સર્જનાત્મક અભિવ્યક્તિનું માપન કયા પ્રશ્નો દ્વારા કરી શકાય છે ?
(A) ટૂંક જવાબી (B) વૈકલ્પિક પ્રકારના (C) નિબંધ પ્રકારના (D) ખાલી જગ્યા પ્રકારના

165 હર્બાર્ટએ આપેલા પાઠ આયોજનના પાંચ પગથિયા પૈકી પ્રથમ પગથિયું કયુ છે ?
(A) હેતુકથન (B) વિષયનિરૂપણ (C) પૂર્વ તૈયારી/તૈયારી (D) પુનરાવર્તન

166 માઈક્રોટીચિંગ અને સ્ટ્રે લેસન (છૂટા પાઠ) ને જોડતી કડી કઈ છે ?
(A) સિમ્યુલેશન (B) પાઠ આયોજન (C) દૈનિક આયોજન (D) એકમ આયોજન

167 વિદ્યાર્થીઓની શૈક્ષણિક નબળાઈ કે કચાશ જાણવા માટે કઈ કસોટી ઉપયોગી છે ?
(A) સિદ્ધિ કસોટી (B) નિદાન કસોટી (C) પ્રમાણિત કસોટી (D) અભિયોગ્યતા કસોટી

168 ઉદાહરણોને આધારે તર્ક કરી સામાન્યીકરણ કરીને સિદ્ધાંત, નિયમ, સૂત્ર કે વ્યાખ્યા તારવવાની પદ્ધતિ કયા નામથી ઓળખાય છે ?
(A) જૂથચર્ચા પદ્ધતિ (B) આગમન પદ્ધતિ (C) નિગમન પદ્ધતિ (D) તુલનાત્મક પદ્ધતિ

169 માઈક્રોટીચિંગની શરૂઆત અમેરિકાની કઈ યુનિવર્સિટીમાંથી થઈ હતી ?
(A) શિકાગો યુનિવર્સિટી (B) સ્ટેન્ફોર્ડ યુનિવર્સિટી
(C) એવલોન યુનિવર્સિટી (D) જ્યોર્જટાઉન યુનિવર્સિટી

170 નીચેનામાંથી કોણ માત્ર સંખ્યાત્મક હોય છે ?
(A) મૂલ્યાંકન (B) માપન (C) પ્રક્રિયા (D) શિક્ષણ